ક્રમાંક:-મઉમશબ/સંશોધન/2023/2236-71
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 14/06/2023

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય:- ધોરણ-11 વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ બાબત.

સંદર્ભ:- (1) શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક:મશબ/1119/857/છ તા.14/07/2021

(2) શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરનો સુધારા ઠરાવ ક્રમાંક:મશબ/1119/857/છ તા.02/12/2021

(3) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2022/3733-67 તા.07/06/2022

(4) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2022/11749-84 તા.15/10/2022

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે ઉક્ત સંદર્ભદર્શિત પત્રોથી ધોરણ-11 વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ આપવા અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. શૈક્ષણિક વર્ષ-2022-23માં ધોરણ-11 વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ અંગે પત્રક્રમાંક: મઉમશબ/ સંશોધન /2022/3733-67 તા.07/06/2022થી નીચે મુજબ પરિપત્ર દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને અત્રેથી જાણ કરવામાં આવેલ છે. ઉક્ત પરિપત્રના મુદ્દા નં.1માં નીચેની જોગવાઇ દર્શાવેલ છે.

(1) જે વિદ્યાર્થીએ ધોરણ-10 ગણિત બેઝિક સાથે પાસ કરેલ હોય તે ધોરણ-11 વિજ્ઞાનપ્રવાહમાં "B" ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે. પરંતુ "A" અથવા "AB" ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે નહી.

ઉક્ત વિગતે CBSE માં Mathematic Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓના પ્રવેશ માટે મુદ્દા નં.(1) અન્વયે નીચે મુજબની સ્પષ્ટતા અનુસાર પ્રવેશની કાર્યવાહી કરવાની થાય છે.

- CBSE બોર્ડમાં જે વિદ્યાર્થીએ ધોરણ-10માં Mathematic Basic સાથે પાસ કરેલ હોય તે ધોરણ-11 વિજ્ઞાનપ્રવાહમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં "B" ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે. પરંતુ "A" અથવા "AB" ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે નહી.

ઉપરોક્ત વિગતોને ધ્યાને લઇને શૈક્ષણિક વર્ષ 2023-24માં ધોરણ-11 (વિજ્ઞાનપ્રવાહ)માં પ્રવેશ અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે આપના તાબાની તમામ ઉચ્ચતર માધ્યમિક (વિજ્ઞાનપ્રવાહ)ની શાળાઓને સૂચના આપશો.

સંયુક્ત સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

- માન.અધ્યક્ષશ્રી,ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગર
- માન.સંયુક્ત નિયામકશ્રી , ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગર
- માન. સચિવશ્રી , ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગર

C:\Users\PC1\Desktop\vasava\letter 14.6.23.docx